## ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર

રજી. અને કોર્પોરેટ ઓફિસ, લક્ષ્મીનગર, નાના મવા રોડ, રાજકોટ ફોન નં. (૦૨૮૧) ૨૩૮૦૪૨૫ - ૨૩૮૦૪૨૭, ફેક્સ નં. (૦૨૮૧) ૨૩૮૦૪૨૮
CIN:U40102GJ2003SGC042908 website : www.pgvcl.com ઈ–મેઈલ :– forum.pgvcl@gebmail.com

પીજીવીસીએલ/સીજીઆરએફ/૬૨/ક્વા–૦૨/૧૭–૧૮/ 6030 તા. 25-09-17

રજી. એ.ડી પત્ર

પ્રતિ,
સામતભાઈ કુંભાભાઈ ચિરોડીયા,
ગામ: રાવકી
<u>તા. લોધીકા</u>
<u>જી. રાજકોટ</u>
મો: ૯૯૨૫૦ ૬૮૭૨૭

વિષય :–નવા વીજજોડાણ બાબત
<u>સંદર્ભ:– આપની અરજી , તા. ૨૪–૦૮–૧૭ (અત્રે ના ફોરમ ની નોંધણી નંબર :૬૨/ક્વા–૦૨/૧૭–૧૮ )</u>

શ્રીમાન,

આપની ઉપરોક્ત વિષય અને સંદર્ભ મુજબની અરજી અન્વયે, અત્રેના ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર ની ફોરમ કમીટી તરફથી કરાયેલ નિર્ણય આ સાથે આપને મોકલવામાં આવે છે.

જે આપને સુવિદીત થાય. આભાર સહ.,

આપનો વિશ્વાસુ

(સી.જે.ગજેરા)
કા.વા. કન્વીનર
ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર, રાજકોટ.

બિડાણ : નિર્ણયપત્ર (પાના નં. ....)

**<u>નકલ રવાના :</u>**
(૧) અધિક્ષક ઈજનેર શ્રી, પીજીવીસીએલ, ગ્રામ્ય વર્તુળ કચેરી , રાજકોટ
(૨) કાર્યપાલક ઈજનેર શ્રી, પીજીવીસીએલ, ગ્રામ્ય વિભાગીય કચેરી રાજકોટ
(૩) <u>નાયબ ઈજનેર શ્રી, પીજીવીસીએલ, પેટા વીભાગીય કચેરી, લોધીકા</u>

...સદર નિર્ણયપત્રની નકલ આપને આ સાથે મોકલવામાં આવે છે. જેની તમામ વિગતો અભ્યાસે લઈ અને નિર્ણયપત્રમાં દર્શાવેલ બાબતોની તાકીદે અમલવારી કરી અને તેનો લેખિત પ્રત્યુતરપત્ર અરજદારશ્રી તેમજ અત્રેના ફોરમને પાઠવવાનું આપને ભારપૂર્વક જણાવવામાં આવે છે.

# ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર(રાજકોટ ફોરમ)

પીજીવીસીએલ, રજી. અને કોપોરેટ કચેરી,લક્ષ્મીનગર નાનામૌવા રોડ, રાજકોટ

CIN:U40102GJ2003SGC042908 website : www.pgvcl.com

કેસ નં. : સીજીઆરએફ : ૬૨/ક્વા–૦૨/૧૭–૧૮ કમિટી મીટીગ: તા. ૧૪–૦૯–૧૭ સ્થળ : રાજકોટ

**પક્ષકાર નં.:–(૧) અરજદાર (ફરીયાદી)**

અરજદાર (ફરીયાદી): નામ: સામતભાઈ કુંભાભાઈ ચિરોડીયા, ગામ: રાજકોટ

રજુઆત કરનાર: અરજદાર શ્રી ના ભાઈ શ્રી રતિલાલ લઘરાભાઈ ચિરોડીયા હાજર રહેલ હતા.

**વિરૂધ્ધ**

**પક્ષકાર નં.: –(૨) પીજીવીસીએલ (સામેવાળા) :**

પીજીવીસીએલ (કચેરી) : પેટા વીભાગીય કચેરી, લોધીકા (કાર્યક્ષેત્ર : ગ્રામ્ય વિભાગીય કચેરી રાજકોટ)

રજુઆત કરનાર :એમ.જે.લાલકીયા (કાર્યપાલક ઈજનેર શ્રી ગ્રામ્ય વિભાગીય કચેરી રાજકોટ)

## : હુકમ :

**ફરીયાદ : નવા વીજજોડાણ બાબત**

**મુદદા નં.–૧ : પક્ષકાર નં. –(૧) અરજદાર (ફરીયાદી) ની રજુઆત**

| | |
|---|---|
| ૧ | અરજદાર શ્રી તરફથી ફોરમ સમક્ષ ની ફરીયાદ અરજી મા, તેમજ ફોરમ કમિટી સમક્ષ રૂબરૂ ઉપસ્થિત રહી અને મૌખીક ચર્ચા ઓ દરમ્યાન, ફરીયાદ સબંધક એવી જરૂરી માહિતી રજુ કરીને, નીચે વર્ણવેલ મુદદાઓ મુજબ ની વિગતે, વગેરે તમામ બાબતો ફોરમ કમિટી સમક્ષ રજુ થયેલ છે. |
| ૧.૧ | અરજદાર જણાવે છે કે, જીએસએફસી પાસેથી હરરાજી મા મીલ્કત ખરીદ કરેલ છે. જેના દસ્તાવેજીક પુરાવા સાથે – ૩૫ કીવો નુ નવા મીટર ની / જોડાણ આપવા બાબતે ની – અરજી પેટા વિભાગીય કચેરી લોધીકા મા રજુ કરતા, અરજી ને સ્વીકાર કરવામા આવતી નથી. કારણકે, સદર જગ્યા મા, જુનુ લેણુ બાકી છે. તેમજ અરજદાર શ્રી એ ગુજરાત રાજય નાણાકીય નિગમ પત્ર ક્રમાંક : ૫૩૯ તા.૧૮–૦૮–૧૭ દ્રારા કાર્યપાલક ઈજનેર પીજીવીસીએલ ને સદર બાબતે જાણ કરેલ છે કે, હરરાજી મા મીલ્કત ખરીદ કરનારે કોઈ જ રકમ ભરપાઈ કરવાની થતી નથી. પરંતુ, પીજીવીસીએલ દ્રારા સદર જોડાણ આપવાની કાર્યવાહી આજદિન સુધી કરાયેલ ન હોય, અરજદારે અત્રેના ફોરમ સમક્ષ ન્યાયિક રજુઆત કરેલ છે. |

**મુદદા નં.–૨ : પક્ષકાર નં. –(૨) પીજીવીસીએલ (સામેવાળા) ની રજુઆત**

| | |
|---|---|
| ૨ | પીજીવીસીએલ પક્ષકાર તરફથી ફોરમ કમિટી સમક્ષ, નીચે વર્ણવેલ વિગત મુજબ ની વિગતો, તેમજ લેખીત અહેવાલ, તેમજ મૌખીક ચર્ચા , અને ફરીયાદ સબંધક તમામ દસ્તાવેજીક પેપર્સ, તેમજ અભિપ્રાય સાથે નો ખાસ અહેવાલ, વગેરે તમામ બાબતો ફોરમ કમિટી સમક્ષ રજુ થયેલ છે. |
| ૨.૧ | અરજદાર જણાવે છે કે, જીએસએફસી પાસેથી હરરાજી મા મીલ્કત ખરીદ કરેલ છે. જેના દસ્તાવજીક પુરાવા સાથે – ૩૫ કીવો નુ નવા મીટર ની / જોડાણ આપવા બાબતે ની – અરજી પેટા વિભાગીય કચેરી લોધીકા મા રજુ કરતા, અરજી ને સ્વીકાર કરવામા આવતી નથી. કારણકે, સદર જગ્યા મા, અગાઉ મે. લક્ષ્મી ઈન્ડસ્ટ્રીઝ ના નામનુ ઓદ્યોગીક વીજજોડાણ નં. ૩૩૪૧૧/ ૦૦૩૦૫/૭ અપાયેલ હતુ. અને તે જોડાણ પૈકી ના રૂ.૩૯,૪૬૬/૭૩ અને તેનુ વ્યાજ પીજીવીસીએલ ના લેણા તરીકે બાકી છે. અરજદાર શ્રી એ સદર જમીન જીએસએફસી પાસેથી હરરાજી મા તા.૧૩–૦૮–૦૮ ના રોજ ખરીદ કરેલ છે. અગાઉ ના ગ્રાહક ની તે જગ્યા પર ની વીજ લેણી રકમ બાકી હોય, નાયબ ઈજનેર લોધીકા પેટા વિભાગીય કચેરી દ્રારા, સદર ગ્રાહક ની નવા વીજ જોડાણ ની અરજી બાબતે નો સ્વીકાર કરાયેલ નથી. તેવી રજુઆત અન્વયે, કાર્યપાલક ઈજનેર ગ્રામ્ય વિભાગીય કચેરી – રાજકોટ દ્રારા – પ્રાદેશીક મેનેજર ગુજરાત રાજય નાણાકીય નિગમ – રાજકોટ ને, તેઓના પત્ર ક્રમાંક : આરઆરડી/રિવ/આર–૧/૧૦૫૯૬ તા.૧૩–૦૯–૧૭ દ્રારા ઉપરોકત જગ્યા ની હરરાજી સબબ મળેલ રકમ માથી, પીજીવીસીએલ ને પ્રો–રેટા મુજબ ચુકવણી કરી અને ઘટતુ કરવા વિનંતી કરેલ છે. |
| ૨.૨ | સદર બાબતે, ઉર્જા વિકાસ નીગમ લીમીટેડ ના ડાયરેકટર (ટેક) નાપત્ર ક્રમાંક : જીયુવીએનએલ/ ટેક/ જીએસએફસી/૧૬૨૯ તા.૨૯–૦૭–૧૧ અનુસાર, જીએસએફસી દ્રારા હરરાજી કરેલ મીલ્કત કોઈ આસામી ખરીદે, તો તેવી જગ્યા પર, જુના ગ્રાહક પાસેથી બાકી રહેતી લેણી રકમ ની વસુલાત કર્યા સીવાય, નવા આસામી ને વીજ જોડાણ આપવુ, તેવી માર્ગદર્શક સુચના અપાયેલ છે. તે અન્વયે, અરજદાર શ્રી સામતભાઈ કુંભાભાઈ ચિરોડીયા, પાસેથી, તા.૧૩–૦૮–૦૮ ના રોજ ખરીદેલ પ્લોટ પર જીએસએફસી દ્રારા હરરાજી કરેલ હોય, જુના ગ્રાહક ની લેણી રકમ વસુલાત કર્યા સીવાય, નવુ વીજ જોડાણ આપવુ, તેવી પીજીવીસીએલ ની રજુઆત છે. |

**મુદદા નં.–૩ :** **: નિષ્કર્ષ :**

| | |
|---|---|
| ૩ | ફરીયાદી અરજદાર શ્રી ની, ફોરમ સમક્ષ ની મુદદા નં. ૧ હેઠળ ની વિગતે ની ફરીયાદ અરજી, તેમજ મૌખીક ચર્ચાઓ અને પીજીવીસીએલ પક્ષકાર તરફથી ફોરમ કમિટી સમક્ષ રજુ થયેલ મુદદા નં.ર હેઠળ ની વિગતો, તેમજ લેખીત અહેવાલ, તેમજ ફરીયાદ સબંધક તમામ દસ્તાવેજીક પેપર્સ, તેમજ'અભિપ્રાય સાથે નો ખાસ અહેવાલ વગેરે, બન્ને પક્ષકારો ની તમામ બાબતો, ફોરમ કમિટી તરફથી ઉંડાણપૂર્વક અભ્યાસે લેતા, સદર કેઈસ મા, ફોરમ કમિટી તરફથી નીચે મુજબ ની વિગતે નિષ્કર્ષ થયેલ છે. |
| ૩.૧ | અરજદાર શ્રી ની મુદદા ન.૧.૧ મુજબ ની વિગતે, અને પીજીવીસીએલ ની મુદદા નં. ૨.૧ અને ૨.૨ મુજબ ની વિગતો નો અભ્યાસ કરતા, ઉર્જા વિકાસ નીગમ લીમીટેડ ના ડાયરેકટર (ટેક) નાપત્ર ક્રમાંક : જીયુવીએનએલ/ ટેક/ જીએસએફસી/૧૬૨૯ તા.૨૯–૦૭–૧૧ અનુસાર, જીએસએફસી દ્રારા હરરાજી કરેલ મીલ્કત કોઈ આસામી ખરીદે, તો તેવી જગ્યા પર, જુના ગ્રાહક પાસેથી બાકી રહેતી લેણી રકમ ની વસુલાત કર્યા સીવાય, નવા આસામી ને વીજ જોડાણ આપવુ, તેવી માર્ગદર્શક સુચના અપાયેલ હોય, તે મુજબ અરજદાર શ્રી સામતભાઈ કુંભાભાઈ ચિરોડીયા દ્રારા, જે મીલ્કત જીએસએફસી પાસેથી હરરાજીમા લેવાયેલ છે. તેમા, જુના ગ્રાહક ની લેણી રકમ વસુલાત કર્યા સીવાય, નવુ વીજ જોડાણ આપવુ, તેવી પીજીવીસીએલ ની રજુઆત સાથે, ફોરમ કમિટી સહમત હોય, તે મુજબ નો સદર કેઈસ મા ફોરમ કમિટી તરફથી નિષ્કર્ષ થયેલ છે. |

**મુદદા નં.–૪ :** **હુકમ**

| | |
|---|---|
| ૪.૧ | સદર કેઈસ મા ફોરમ કમિટી તરફથી થયેલ નિષ્કર્ષ ના મુદદા ન. ૩.૧ મુજબ ની વિગતે, અરજદાર શ્રી સામતભાઈ કુંભાભાઈ ચિરોડીયા દ્રારા, જે મીલ્કત જીએસએફસી પાસેથી હરરાજીમા લેવાયેલ છે. તેમા, જુના ગ્રાહક ની લેણી રકમ વસુલાત કર્યા સીવાય, નવુ વીજ જોડાણ આપવા બાબતે નો – ફોરમ કમિટી તરફથી હુકમ કરાયેલ છે. |

(શ્રીમતી કે.જે.મોટાણી )
સ્વતંત્ર સભ્ય
ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર, રાજકોટ

ગેરહાજર
(એચ.પી.કોઠારી)
સભ્ય (ટેક)
ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર, રાજકોટ

(ટી.બી.ભીમાણી)
ચેરમેન
ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર, રાજકોટ

નોંધ જો સદર નિર્ણય સાથે આપ સંમત ન હોય તો, આપ શ્રી તરફથી સદર નિર્ણય સામે, નિર્ણયપત્ર મળ્યા પછીનાં ૩૦ દિવસની અંદર, "નામદાર ઓમ્બુડસમેન (વિદ્યુત લોકપાલ), ગુજરાત વીજ નિયંત્રક આયોગની કચેરી, બ્લોક નં. ૩, પોલિટેકનીક કમ્પાઉન્ડ, આંબાવાડી, અમદાવાદ-૩૮૦ ૦૧૫" સમક્ષ લેખિત અપીલ અરજી કરી શકાય છે. અપીલ અરજી જો નાણાંકીય બાબત સબંધક હોય તો, સદર રકમા ઉપરાંત પીજીવીસીએલમાં વાંધા સાથે ભરપાઈ કરાયેલ હોવાનો ઉલ્લેખ અપીલ અરજીમાં થવો જરૂરી છે.